કેનજી અને જાદુઈ કલહંસ

જાપાની લોકકથા



કેનજી અને જાદુઈ કલહંસ

જાપાની લોકકથા






કેનજી જયારે રોજ સવારે ઉઠતો તો સૌથી પહેલા એ ઉડતા કલહંસ નું એક ચિત્ર જોતો. એ પક્ષી લગભગ જીવંત લાગતા હતા. એને એ ગણવા પસંદ હતાં.


"એક...બે...ત્રણ...ચાર...પાંચ."

હર સાલ જયારે જંગલી કલહંસ જાપાન માં એના ઘર ની ઉપર થી ઉડતા હતા તો કેનજી હસતો હતો અને એના ચિત્ર ના કલહંસ ને ચીઢવતો હતો. "તમે બસ મારા કમરા ની અડધી દીવાલ ઉપર ઉડાન ભરો છો - શું તમે ક્યારેય જંગલી કલહંસ સાથે ઊંચી ઉડાન ભરવી પસંદ નહીં કરો?"






એક વર્ષ એટલો વરસાદ પડયો કે નદી નું પાણી ઘરો માં ઘુસી ગયું. પાણી એ બિચારા કેનજી ની પુસ્તકો ભીની કરી નાંખી અને એના પાના એકબીજા ને ચોંટી ગયા. એના થોડા રમકડાં પણ પાણી માં તરવા લાગ્યા. સૌભાગ્ય થી પાંચ કલહંસ વાળા ચિત્ર ને કોઈ નુકસાન ન થયું કેમકે એ દીવાલ ઉપર લટકતું હતું.



જયારે પાણી પાછું નદી માં જતું રહ્યું, તો કેનજી વાંસ ની ઝાડી માં રમવા ગયો. એણે એક વૃદ્ધ માણસ ને પોતાની છડી થી એનો દરવાજો ખખડાવતા જોયો. એ વૃદ્ધે નાક ઉપર મોટા, ગોળ ચશ્મા પહેર્યા હતા. કેનજી ને એ માણસ એક ઘુવડ જેવો લાગ્યો - એક ભૂખ્યો ઘુવડ!

કેનજી વાંસ માં સંતાઈ ગયો, થોડી વાર પછી એ ઘુવડ-માણસ ક્યાંક જતો રહ્યો.



"પિતાજી," એણે પૂછ્યું, "પેલો માણસ કોણ હતો?"

"એક કલા સંગ્રાહક એટલે આર્ટ કલેકટર," એના પિતા એ કહ્યું. "એ માણસ ચિત્રો ખરીદે છે. પૂર થી આપણા ઘર ના ચોખા સડી ગયા છે. હવે આપણે ખાવાનું ખરીદવા માટે આપણું ચિત્ર વેંચવું પડશે."

કેનજી ને રડવું આવતું હતું કેમકે એને એ ચિત્ર બેહદ પસંદ હતું. એ જાણતો હતો કે એના માતા-પિતા ને પણ એ ચિત્ર પસંદ હતું. એ ચિત્ર ને લગભગ ત્રણ સો વરસ પહેલા એક પ્રસિદ્ધ ચિત્રકારે બનાવ્યું હતું.



જે દિવસે કલા સંગ્રાહક ચિત્ર લેવા આવવાનો હતો એ દિવસે કેનજી એ જંગલી કલહંસ ને હોંક-હોંક, હોંક-હોંક બોલતા સાંભળ્યા. તેઓ દક્ષિણ તરફ લાંબો સ્થળાંતર કરતા એ શહેર ઉપર થી ઉડી રહ્યા હતા.

"એ પહેલા કે તમે એ બુઢ્ઢા સંગ્રાહક ના ઘર માં જઈને રહો," એણે ચિત્ર ના કલહંસ ને કહ્યું, "હું તમને એક યાદગાર અનુભવ આપવા ચાહું છું. હું તમને જંગલી કલહંસ સાથે આકાશ માં ઉડવાનો મોકો આપવા માંગુ છું."

બહુ ધ્યાન થી એણે એની સૌથી મોટી પતંગ પર કલહંસ વાળા ચિત્ર ને ચોંટાડયું. પતંગ આસમાન માં ઉપર અને ઉપર ઉડી. વૃક્ષો અને ઘરો થી પણ ઉપર. જંગલી કલહંસઓ એ હોંક-હોંક, હોંક-હોંક અવાજ કર્યા. પતંગ ને હવા એ જોરથી ખેંચી જાણે ચિત્ર માં રહેલા કલહંસ એ જંગલી કલહંસ સાથે ઉડવા ઇચ્છતા હોય.






જયારે કેનજી એ એની પતંગ નીચે ઉતારી, તો એને કંઈક અસાધારણ દેખાયું. પતંગ સાથે પાંચ કલહંસ ચઢી ને ઉપર ઉડયા હતા. પણ કેવળ ચાર કલહંસ નીચે આવ્યા. એમાંથી એક મોટું કલહંસ જેનું નામ યુકી હતું એ ગાયબ હતું.

કેનજી ને એવું લાગ્યું જાણે યુકી એ જંગલી કલહંસ સાથે ઉડી ગયું હોય.

કલા સંગ્રાહકે આ વાત માનવાનો ઇન્કાર કર્યો. "અરે!" એ ગુસ્સા થી ઘુરક્યો. "ચાર કલહંસ વાળું ચિત્ર! બધા ને ખબર છે કે આમાં પાંચ કલહંસ હોવા જોઈયે. કોઈએ ચિત્ર માં થી સૌથી મોટું કલહંસ ભૂંસી નાંખ્યું છે. એનાથી ચિત્ર બરબાદ થઈ ગયું છે!"

પછી એણે એની છડી જમીન ઉપર પટકી અને ત્યાંથી ચાલ્યો ગયો.





રાત્રે ઘર માં ખાવા માટે થોડા ભાત સિવાય કંઈ નહોતું. કોઈ સૂપ, નૂડલ્સ, ટોફૂ કે કેક ન હતા.

લાંબો શિયાળો ધીરે-ધીરે વીતી ગયો. હવા પણ ઘર સાથે ટકરાતા એક ભૂખ્યા ગલૂડિયા ની જેમ અવાજ કરી રહી હતી. અને જંગલી કલહંસ ઉત્તર તરફ પાછા ફરતા હોંક-હોંક, હોંક-હોંક નો અવાજ કરતા દુઃખી લાગી રહ્યા હતા.

કેનજી એ જયારે કલહંસ ને સાંભળ્યા તો એ તુરંત સીધો બેસી ગયો. એણે દીવાલ ઉપર થી ચિત્ર ઉતાર્યું અને એને સાવધાની થી પતંગ ઉપર ચોંટાડયું.

બધું એવી જ રીતે થયું જેવી એણે આશા કરી હતી. એને એની પતંગ ની ડોર ઉપર એક ખેંચાણ નો એહસાસ થયો અને જયારે એણે એની પતંગ નીચે ઉતારી, તો ચિત્ર માં પાંચ કલહંસ હતા.

એણે સુનિશ્ચિત કરવા એને ગણ્યા: "એક, બે, ત્રણ, ચાર, પાંચ."

પછી એ માતા-પિતા ને એ બતાવવા દોડયો કે યુકી કલહંસ પાછું આવી ગયું હતું.

કેનજી ના પિતા એ એ પછી ચિત્ર ને એક લોખંડ ની અલમારી માં સુરક્ષિત રીતે છુપાવી દીધું. પછી એમણે કલા સંગ્રાહક ને લખ્યું.

આ વખતે જયારે કલા સંગ્રાહકે ચિત્ર જોયું, તો એણે એના હાથ હવા માં પતંગ ની પૂંછડી ની જેમ હલાવ્યા અને કહ્યું, "અરે!" એ ગુસ્સા થી ઘુરક્યો. "ગયે વખતે મેં મહાન કલાકાર ના ચિત્ર ને બરબાદ થયેલું જોયું હતું કેમકે એમાં થી એક કલહંસ ચાલ્યું ગયું હતું! આ વખતે કોઈ બાળકે અસ્પષ્ટ ચિત્રામણ કરી ને એ ચિત્ર ને બરબાદ કર્યું છે!"

પછી એણે એની છડી જમીન ઉપર પટકી અને ગુસ્સા માં ત્યાંથી ચાલ્યો ગયો.

બિચારા કેનજી ના પિતા એનું માથું ખંજવાળતા રહી ગયા. હવે ચિત્ર ઉપર એવા નિશાન હતા જેને ઘસી ને કાઢવા સંભવ નહોતા.

કેનજી ને પણ એ બાબત

શું કહેવું એ ખબર નહોતી.




એ મધ્ય રાત્રે કેનજી ઊંઘ માંથી જાગ્યો. "મને કંઈક અજીબ અવાજ સંભળાઈ રહ્યા છે," એણે એના માતા-પિતા ને કહ્યું. "ચિપ-ચિપ ના અવાજો. એ લોખંડ ની અલમારી માંથી આવતા હોય એવું લાગે છે."

કેનજી ના પિતા એ કહ્યું, "બધા પાછળ ઉભા રહો." પછી એમણે અલમારી નો દરવાજો ખોલ્યો.

"જરા ચિત્ર જુઓ!" કેનજી ચિલ્લાયો.

જે બે નિશાન જેને પહેલા ઘસી ને કાઢવા સંભવ નહોતા એ હવે ગાયબ થઈ ગયા હતા. એની જગ્યા એ કલહંસ ના બે નાના-નાના બચ્ચા હતા. એ હલતા નહોતા. એ બસ ત્યાંજ હતા, જાણે કલાકારે એને ચિત્રિત કર્યા હોય.

"મને ખબર છે," કેનજી એ કહ્યું. "ચિત્ર પર એ બે નિશાન ચુકી કલહંસ ના ઈંડા હતા."



કેનજી ના પિતા એ કળા સંગ્રાહક ને બીજો એક પત્ર લખ્યો.

આ વખતે એની ઉલ્લુ જેવી આંખો આશ્ચર્ય અને ખુશી થી પહોળી થઈ ગઈ. એના હોંઠ એક ભૂખ્યા બાળક ની ચોપસ્ટીક્સ ની જેમ ભેગા થયા અને એ બોલ્યો, "માસ્ટરપીસ! એક ઉત્કૃષ્ટ કૃતિ! એકદમ સારી હાલત માં. એમાં કોઈ પણ કલહંસ ગાયબ નથી, અને કોઈ બાળકે એમાં ચિત્રામણ પણ નથી કર્યું. પાંચ કલહંસ ઉડતા અને એમના બે બચ્ચા. પાંચ કલહંસ ના ચિત્ર વિષે તો સૌ કોઈ જાણે છે. પણ આ સાત કલહંસ ના ચિત્ર વિષે કદાચ કોઈએ સાંભળ્યું નહીં હોય. આ એક મહાન શોધ છે."

એ માણસે ચિત્ર ખરીદવા માટે બટવા માં થી પૈસા કાઢ્યા, પણ કેનજી ના પિતા એ કહ્યું, "તમારો આભાર, માનનીય મહોદય, પણ મારી પત્ની, મેં અને અમારા નાના દીકરા એ ચિત્ર ન વેચવાનો નિર્ણય કર્યો છે. તમે એને તમારા મોટા ઘર માં ક્યાંક લટકાવી દેશો, જ્યાં કોઈ પણ એને જોઈ નહીં શકે. અમને લાગે છે કે આવા સરસ ચિત્ર ને જોવાનો આનંદ બધા લોકો ને મળવો જોઈએ."

"અરેં," કલા સંગ્રાહક મોટે થી બરાડયો. એણે એની છડી પટકી અને ત્યાંથી વિદાય થયો.

"થોભો," કેનજી ના પિતા એ કહ્યું, "તમે ચાહો તો ટિકિટ ખરીદવાવાળા અમારા પહેલા સન્માનનીય ગ્રાહક બની શકો છો - તમારે ફક્ત એક સિક્કો આપવો પડશે. આ એકમાત્ર ચિત્ર છે જેમાં સાત કલહંસ છે. એક નાનો સિક્કો બધા લોકો આપી શકશે. મને લાગે છે કે જાપાન માં હર કોઈ આ ચિત્ર જોવા આવશે. ચીન અને અમેરિકા થી પણ લોકો આવી શકે છે."




જલ્દી આ ખબર આગ ની જેમ ફેલાઈ ગઈ. લોકો મોટી સંખ્યા માં ચિત્ર જોવા આવવા લાગ્યા. પણ એ બંને નાના કલહંસ ના કદ વિષે લોકો માં કોઈ પણ સહમતી ન થઈ શકી.

કેનજી એ સમજાવ્યું, "તેઓ મોટા થઈ રહ્યા છે, બસ એટલુંજ."

"એક ચિત્ર ના કલહંસ મોટા કેવી રીતે થઈ શકે?" લોકો ઘણી વાર પૂછતા હતા.

કેનજી એ ફક્ત એટલું કહ્યું, "મને લાગે છે કે તેઓ ફક્ત ત્યારેજ વધે છે જયારે કોઈ એમને જોઈ રહ્યા નથી હોતા."





સમય વીતતો ગયો. અને પછી એક શિયાળા ની ચાંદની રાત્રે, જંગલી કલહંસો એ એમની લાંબી દક્ષિણ યાત્રા માટે ફરી કેનજી ના ઘર ઉપર થી ઉડાન ભરી. કેનજી એમના રોમાંચક, દૂર થી આવતા એકાકી અવાજ ને સાંભળતા સૂઈ ગયો.

એણે સપનું જોયું કે એક જંગલી કલહંસ નીચે ઉડી ને આવ્યું અને એની ખુલ્લી બારી ની બહાર બેસી ને ધીમા અવાજ કરવા લાગ્યું. એનાથી અંધારા ઓરડા માં તેજ હલચલ થઈ અને કેનજી ના ગાલ ને કંઈક સ્પર્શ થયો.

સવારે એની માઁ એ પૂછ્યું, "તારા ગાલે આ લસરકો કેવી રીતે થયો, કેનજી?"

કેનજી ને લસરકા નો એહસાસ સુધ્ધા નહોતો થયો, પણ જયારે એણે ચિત્ર માં કલહંસ ગણ્યા તો એ બહુ ઉત્સાહિત થયો. એક..બે..ત્રણ..ચાર..પાંચ - બસ એટલાજ! તો પછી એ એક સપનું ન હતું.



કેનજી એ યુવાન કલહંસ ના ઉડી જવાથી દુઃખી નહોતો. "એ વસંત માં ફરી પાછા આવશે," એણે બધા ને કહ્યું, "કેમકે તેઓ થોડો સમય એમના પિતા અને જંગલી કલહંસ સાથે રહેવા ચાહે છે અને થોડો સમય એમની માં યુકી સાથે, અને મારી સાથે પણ - મારી દીવાલ ઉપર."

સમાપ્ત